ગુજરાતનો મહાસંગ્રામ 2012

૩૬ - ગાંધીનગર ઉત્તરના ઉમેદવારને ઓળખો

રાજભાઈ ચંદ્રકાન્તભાઈ પ્રજાપતિ (અપક્ષ)

આધ્યાત્મિક રંગે રંગાયેલા રાજભાઈ રાજનીતિના માર્ગે કદમ માંડે છે...

ગાંધીનગર (ઉત્તર)ના ૪૨ વર્ષના અપરણિત યુવાન ઉમેદવાર શ્રી રાજભાઈ ચંદ્રકાન્તભાઈ પ્રજાપતી બચપણથી આધ્યાત્મિક રંગે રંગાયેલા છે. વિવિધ સંપ્રદાયના વડાઓ અને સાધુ સંતોના સત્સંગમાં રહી સત્ય અને પ્રમાણિકતાના પાઠ ભણતા ભણતા સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં મન પરોવી અને રાજકારણના માધ્યમથી લોકસેવા કરવાના મનસુબા સાથે સાથે આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર (ઉત્તર) વિભાગમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. તેઓ જૂનાગઢ જિલ્લાના મેંદરડા ગામના વતની છે. અને ગાંધીનગરમાં છેલ્લા દસ વર્ષથી ભાડાના મકાનમાં રહી સેવાની અલખ જગાવી છે. ૧૩ વર્ષ સુધી સન્યાસી જીવન ગાળી રાંધેલા ભોજનનો ત્યાગ કરી ફળાહારથી અખંડ ઉપવાસ કરી આધ્યાત્મિક બળ પ્રાપ્ત કર્યું છે. ગુરૂ દત્તાત્રેય શિખર પર ૧૭ વર્ષ સુધી ભગવાનનું 'પૂર્ણિમા' પૂજન કરી ગીરનાર મંડળના સંતો-મહંતો સાથે સત્સંગ કરી આશીર્વાદ મેળવ્યા છે. જૂનાગઢ જિલ્લામાં ગૌરક્ષા ટ્રસ્ટ સાથે જોડાઈ ગૌસેવાની ઉમદા પ્રવૃત્તિ સાથે ''પ્રિવેન્શન ઑફ એનીમલ ક્રુઅલ્ટી સોસાયટી''નાં આજીવન સભ્ય થઈ સક્રીય યોગદાન આપેલ છે. ગરીબ અને જરૂરિયાત લોકોને મફત કાનૂની સહાય અને જરૂરી માર્ગદર્શન અપાવવામાં સક્રીય રહ્યાં છે.

રાજભાઈ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન, કેબલ સર્વિસ, વૉટર સપ્લાય, પ્લાસ્ટિક મેન્યુ ફેંકચરીંગ, ડ્રેસ ડિઝાઈનીંગ તથા ઓર્ગેનિક ખેતીના અનુભવી છે, અને પૂર્ણકાલીન પત્રકારત્વ સાથે સંકળાયેલા છે. ''રાજવેદ'' સામયિકના તંત્રી તરીકે સેવાઓ આપે છે. ગાંધીનગરની સામાજિક સંસ્થા સૌરાષ્ટ્ર - કચ્છ સેવા ટ્રસ્ટ, કલાગુર્જરી તથા ગુજરાતની અન્ય ૧૦૦ જેટલી વિવિધ સંસ્થાઓમાં નિઃસ્વાર્થ સેવાઓ આપે છે. માયાળુ સ્વભાવ અને સાદગીપૂર્ણ વ્યવહારથી વિશાળ મિત્રવર્ગ ઉભો કરી શક્યા છે. અત્યંત સંવેદનશીલ અને સૌને મદદ કરવાની ભાવના એ તેમનો વિશિષ્ટ ગુણ છે. ફેંસબુક ઉપર **'Gujarat prajastak smiti'** પરોક્ષ પરીચય કેળવી તેમના જીવનની વિશેષ અંતરંગ વાતો જાણી શકાશે, રાજભાઈએ ગુજરાત, પ્રજાસત્તાક સમિતીની રચના દ્વારા ૫૦૦ યુવાનોની ટીમ બનાવી જન જાગૃતિ અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ટીમ દ્વારા વધુ ને વધુ મતદાન થાય તે માટે પોતાના મત વિસ્તારમાં સઘન ઝુંબેશ ચલાવશે અને ભ્રષ્ટાચાર વિરૂધ્ધ લોકમત જાગૃત કરશે.

તેઓ ધોરણ. ૧૨ સુધી અભ્યાસ કરી શક્યા છે પણ સતત લોકસંપર્ક, સંતોનો સમાગમ અને વિદ્વાનોના સંપર્કમાં રહી દરેક વિષયમાં ઊંડી સૂઝ ધરાવે છે. તેમના જાણીતા બ્લોગ **http://gujaratps.wordpress.com/** ની એકવાર મુલાકાત લેવા જેવી ખરી.

આજે નરહરિ અમીન ભાજપમાં જોડાશે

નરહરિ અમીન પોતાના નિવાસસ્થાનેથી સવારે ૮ વાગ્યે સમર્થકોનું સરઘસ લઇને ભાજપના કાર્યાલય પર પહોંચશે

અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ નહીં મળવાથી નારાજ થઇને કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીન તેમના સમર્થકો સાથે આવતીકાલ તા. ૬ઠ્ઠીને ગુરુવારે તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાશે. નરહરિ અમીનને આવકારવા માટે ભાજપાના ખાનપુર ખાતેના પ્રદેશ કાર્યાલયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત પ્રદેશ ભાજપાના અગ્રણીઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આવતીકાલે ગુરુવારે સવારે ૮ વાગ્યે નરહરિ અમીન તેમના સમર્થકોનું સરઘસ લઇને ભાજપાના પ્રદેશ કાર્યાલયે પહોંચશે. ભાજપ કાર્યાલય જતા રસ્તાઓ પર નરહરિ અમીનના સ્વાગત માટેનો તખ્તો પણ ગોઠવાયો છે. પૂર્વ વિસ્તારના તેમના સમર્થકોનું સરઘસ રૂપાલી સિનેમા પાસે પહોંચીને નરહરિ અમીનની સાથે જોડાશે. ત્યાર બાદ નરહરિ અમીન સમર્થકો સાથે બપોરે ભાજપા કાર્યાલય ખાનપુર પહોંચશે. જ્યાં નરહરિને આવકારવા માટે

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ભાજપાના પ્રદેશ અગ્રણી હાજર રહે તેવી શક્યતા છે અને નરહરિ અમીન સહિત તેમની ભાજપમાં જોડાવવા માટે આવેલા નેતાઓને ભાજપનો કેસરી ખેસ પહેરાવીને સ્વાગત કરાશે.

સૂત્રોના કહેવા મુજબ નરહરિ અમીને કોંગ્રેસના કેટલાક કોર્પોરેટરોને ટેલિફોનિક સંપર્ક કરીને તેમની સાથે ભાજપમાં જોડાવવાની વાત કરી હતી. પરંતુ ભાજપમાં જોડાય તો કોર્પોરટરોને પક્ષ પલ્ટાનો ધારો લાગુ પડી શકે તેમ હોય કેટલાક કોર્પોરેટરોએ ભાજપમાં જોડાવવાની ના પાડી દીધી હતી. નરહરિ સાથે જયંતિલાલ પરમાર, આશિષ અમીન, હિતેશ પોચી, દશરથ પટેલ, આર સી પટેલ અને દિગ્વિજયસિંહ ગોહિલ પણ ભાજપમાં જોડાશે. નરહરિના સમર્થનમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના તથા જુદા જુદા વોર્ડના ૧૦૦ હોદેદારો અને જિલ્લાઓના ૬૦ હોદેદારોએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી દીધા છે.

હવે, સુરતમાં લેઉવા પટેલના કાર્યક્રમ પર નજર કેન્દ્રીત થઈ

સુરત, તા.૫

સૌરાષ્ટ્રમાં વિરપુર નજીક કાગવાડ ખાતે ખોડલ ધામ મંદિરની આધારશીલા મૂકવા સાથે સંબંધિત કાર્યક્રમ યોજવામાં આવ્યાના એક વર્ષ બાદ સુરતમાં યોજાનાર સામાજિક કાર્યક્રમને લઈને તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. લેઉવા પાટીદાર સમુદાયના સભ્યો દ્વારા આઠમી ડિસેમ્બરના દિવસે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. લેઉવા પટેલ કાર્યક્રમ સુરતમાં ચાર બેઠકો ઉપર સીધી અસર કરી શકે છે જેથી રાજકીય પક્ષો પણ આને લઈને તેની નજર કેન્દ્રીત કરી ચૂક્યા છે. લેઉવા પાટીદાર સમુદાયના આ કાર્યક્રમથી શહેરમાં ઓછામાં ઓછી ચાર વિધાનસભાની બેઠકોના પરિણામ ઉપર સીધી અસર થઈ શકે છે. સ્ટેન્ટ ઓફ યુનિટી થ્રુ વરસીપ નામથી આ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના માત્ર ૯૬ કલાક પહેલાં યોજાનાર છે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની બેઠકોને આવરી લેનાર છે.

ખોડલ ધામ મંદિરનું નિર્માણ કરવા પાછળ યોજના ધરાવનાર નરેશ પટેલ કાર્યક્રમમાં વિશેષ રીતે ઉપસ્થિત રહેશે. લોકો પટેલો જે સંદેશો આપનાર છે તેના ઉપર ધ્યાન રાખી રહ્યા છે. જો નરેશ પટેલ ખાસ પાર્ટીના ઉમેદવારને મત આપવા તેમના સમુદાયના સભ્યોને અપીલ કરશે તો વરાછા, કતાર ગામ, કારંજ અને કામરેજ બેઠકોના ચૂંટણી પરિણામ ઉપર અસર કરી શકે છે. સુરતમાં આ ચાર બેઠકો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અહીં રહેતા આ સમુદાયના ચાર લાખ મત છે. જીપીપીના કેશુભાઈ પટેલની તરફેણમાં સૌરાષ્ટ્રના ઘણા ભાગો સામેલ છે. એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં પટેલે કહ્યું છે કે તેઓ ગુરુવારે સુરત પહોંચશે અને સમુદાયના ટોચના નેતાઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ કયો સંદેશ આપવો જોઈએ તે અંગે નિર્ણય કરવામાં આવશે. જો કે રવિવારના દિવસે પણ એક મિટીંગ યોજાઈ હતી.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં 'પરિવર્તન'ના અણસાર

ખોડલધામના નિમિત્તે પાટીદાર એકતાનો જે રાજયવ્યાપી સંકલ્પ લેવાયો છે તે જ કેશુભાઈ પટેલનાં બાવડાંનું બળ અને એમની 'સિંહડણક'નું રહસ્ય છે, સુરતની બેઠકો પર ભાજપનું એકચક્રી પ્રભુત્વ આ પાટીદાર ફૅકટરને કારણે જોખમાઈ ચૂક્યું છે

પ્રથમ તબક્કાની કુલ ૮૭ બેઠકો જ ગુજરાતના ભવિષ્યનું નિર્માણ કરશે, કારણ કે આ બેઠકામાં પ્રવર્તમાન ધારાસભ્યો સામે નોંધપાત્ર પડકારો ઊભા થયેલ છે. ત્રીજા પરિબળ તરીકે ઊપસી આવેલા પૂર્વ મુખ્યમંત્રીના પક્ષ ગુજરાત પરિવર્તન પાર્ટીનું પાણી પણ આ બેઠકોમાં જ મપાઈ જશે. સૌરાષ્ટ્ર અને દ. ગુજરાત એવા દૂરવર્તી વિસ્તારો છે જ્યાં મોદીની અસર મર્યાદિત છે અને છતાં 'ડુંગરા દૂર રળિયામણા' વાળી કહેવત મુજબ એ જ વિસ્તારોને ગાંધીનગર બેઠાં બેઠાં થ્રી-ડી ટેકનોલોજી દ્વારા સાગમટે સંબોધી ચતુર રાજનેતા ધારી દિશામાં અનુકૂળ કરી શકે - એવી શકયતા પણ નકારી શકાય નહીં.

ફ્રાંસના મહાન રાષ્ટ્રીય નેતા ચાર્લ્સ ડ ગોલ કહેતાઃ 'ચૂંટણી આવતાં જ આપણા માલિક બનવા માગતા લોકો આપણા સેવક હોવાનો ડોળ કરે છે.' આ વાત આપણને આજનો ચૂંટણી પ્રચાર જોતાં અક્ષરશઃ સાચી લાગે. વિલ રોજર્સ ચૂંટણી ટાણે અપાતાં લોભામણાં વચનો અર્થાત્ 'સંકલ્પ પત્ર' કે ઢંઢેરા વિશે તીથો કટાક્ષ કરે છે : 'ચૂંટણી ટાણે આપણને જે આમલી પીપળી બતાવવામાં આવે છે- જે લોભામણાં વચનોનો ઢગ ખડકી દેવાય છે એ પૈકીનાં દસમાં ભાગનાં પણ પળાય તો સ્વર્ગમાં જવાની જરૂર જ ન રહે- અહીં ધરતી પર જ સ્વર્ગ રચાઈ જાય.' ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રીને અવારનવાર જે ઈતિહાસ પુરુષ સાથે સરખાવવામાં આવે છે તે જર્મનીના સરમુખત્યાર હિટલર લખે છે : બાઈબલમાં કહ્યા મુજબ કદાચ સોયના નાકા માંથી ઊંટ પસાર થઈ જાય તે બનવા જોગ, પરંતુ ચૂંટણીમાં સાચો નેતા શોધવો અશક્ય!

ગુજરાતની ભોળી પ્રજાને ભરમાવવામાં વાક્ચાતુર્ય ધરાવતા નેતાઓને ધારી સફળતા સાંપડતી રહી છે. ધર્મ-સંપ્રદાયના નામે અને જ્ઞાતિવાદના નામે આપણે ત્વરિત નિર્ણયો લઈ ધરાર ખોટા માણસોને ખભે બેસાડતા રહ્યા છીએ. એવા નેતાઓ આપણને ગજવે ઘાલીને ફરતા રહે છે અને સરવાળે તો પ્રજાને મૂર્ખ જ બનાવે છે, એ સમજી લેવાની જરૂર છે. આગામી ૧૩ ડિસેમ્બરના દિવસે અડધું ગુજરાત એનાં આગામી પાંચ વરસની કર્મકુંડળી આલેખવાનું છે. સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના ધુરંધરો શકિતસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા તથા વિઠ્ઠલ રાદડિયા ઉપરાંત લોકનેતા તરીકે ઊપસી આવેલા કનુભાઈ કળસિયા અને વર્તમાન સરકાર સામે જૈફ વયે ધુંઆધાર બૅટિંગ કરી રહેલા કેશુબાપાની તકાતનો ખરો પરચો વરતાશે, એમ દ.ગુજરાતમાં પણ સુરત જેવા મહાનગર પર સૌરાષ્ટ્રના પાટીદારોનું પાણી મપાઈ જશે. સૌરાષ્ટ્રની ઘણી બધી બેઠકો પર સુરતવાસી કાઠિયાવાડી પટેલોનો પ્રભાવ છે. કેશુભાઈ પટેલને પણ આ ઉંમરે ચૂંટણીના મેદાનમાં ઉતારનારું પ્રેરક બળ સુરતમાંથી જ સાંપડ્યું છે. અગાઉ ગિનેશ બુકમાં સ્થાન પામનારો 'પટેલ લાડું' પણ સુરતના આંગણે જ રંધાયો હતો. એ મહાભોજના ભાગીદાર થવામાં કેશુભાઈ પટેલે અવઢવ અનુભવી, એથી પાટીદારોની સંભવિત તાકાતનું પ્રદર્શન ખોટકાયું હતું. આ વખતે એ ભૂલ સુધારીને ખોડલધામના નિમિત્તે પાટીદાર એકતાનો જે રાજયવ્યાપી સંકલ્પ લેવાયો છે તે જ કેશુભાઈ પટેલનાં બાવડાંનું બળ અને એમની 'સિંહડણક'નું રહસ્ય છે. સુરતની બેઠકો પર ભાજપનું એકચક્રી પ્રભુત્વ આ પાટીદાર ફૅકટરને કારણે જોખમાઈ ચૂક્યું છે. ખોડલધામના સાજન-માજનનો ખરો લાભ સુરત અને સૌરાષ્ટ્રમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો ઉપરાંત સૌરાષ્ટ્રના વિઠ્ઠલ રાદડિયા જેવા કોંગ્રેસી ઉમેદવારોને મળશે એ દીવા જેવું સ્પષ્ટ વરતાઈ રહ્યું છે. પાટીદાર સમાજના યુવાવર્ગને જે થોડું ઘણું મોદીની વાક્છટા અને વિવેકાનંદયાત્રાનું ઘેલું લાગ્યું હતું તે ઉમેદવારોની પસંદગીમાં 'નો રિપીટ' થિયરી નહીં અજમાવી શકવાને કારણે હવાઈ ગયું છે. છેલ્લાં તારણો મુજબ સૌથી વધુ સંખ્યામાં યુવા ઉમેદવારો વયોવૃદ્ધ લોકનેતા કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટીએ મેદાનમાં ઉતાર્યા છે, બીજા નંબરે યુવા નેતાઓ- શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયાના નેતૃત્વવાળો કોંગ્રેસ પક્ષ આવે છે. મોદીના પક્ષમાં ઉંમરની દૃષ્ટિએ સૌથી વધારે વયસ્ક (ઘરડા) ઉમેદવારો છે. સુરતમાંનરોત્તમ પટેલ અને ગિલટવાલા જેવા બિમાર અને ઘરડા આગેવાન ચૂંટણી લડી રહ્યા છે. ગિલીટવાલાની સામે પરિવર્તન પાર્ટીએ સ્વ. કાશીરામ રાણાના યુવાન પુત્ર દિપક રાણાને મેદાનમાં ઉતારીને રાણા સમાજમાં અને સમગ્ર શહેરમાં કાશીરામ રામભાઈની સેવાઓની ગુડવિલ ફેલાયેલી છે. તેનો લાભ લેવાનો વ્યૂહ ગોઠવાયો છે. કોંગ્રેસના કદીર પીરજાદા જૂના જોગી છે અને વીસ વરસના લાંબા સમયગાળા પછી ચૂંટણીના રાજકારણમાં સીધા સામેલ થયા છે. બનવાજોગ કે બે રાણાઓની લડાઈમાં એ ફાવી પણ જાય. સિનીયર કોંગ્રેસી અગ્રણી હોવા ઉપરાંત મુસ્લિમ જમાતના આદરણીય મોવડી છે, વળી કેન્દ્રિય નેતા અહેમદ પટેલના અંગત માણસ પણ ખરા. દ.ગુ.ના હળપતિ અગ્રણી કોંગ્રેસથી નારાજ થઈને મોદીના શરણે ગયા છે, એથી આદિવાસી સમાજના વધુ એક વગદાર નેતાની ભાજપની સેનામાં ભરતી થતાં ભાજપ હરકાય તે સ્વાભાવિક છે. ગણપત વસાવા અને મંગુભાઈ પટેલના જ્ઞાતિ સમૂહો ઉપરાંત આ ત્રીજા મહત્ત્વના જ્ઞાતિ સમૂહનો પણ ભાજપને લાભ મળવાની શક્યતા ઊભી થઈ છે. જો કે આદિવાસી સમાજ મૂળભૂત રીતે કોંગ્રેસને સમર્પિત હોઈ કેટલો ફરક પડશે, એ તો સમય જ કહી શકશે, આદિવાસી સમાજમાં પણ 'હિંદુત્વ'નો પ્રચાર કરવામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નિરંતર પ્રયાસોને લીધે ડાંગ વિસ્તારમાં ઠેર ઠેર હનુમાનમાં મંદિરો સ્થપાયાં છે. અહીં એક અભિનવ તીર્થ અને પ્રવાસધામ સમું શબરીધામ પણ વિકસાવવામાં આવ્યું છે. રામાયણની શબરીનું પંપા સરોવર તો દૂર દક્ષિણ પ્રદેશમાં છે પરંતુ ધર્મના નામે મતોની લણણી કરવાના માહેર ભાજપના નેતાઓ માટે તો ડાંગનું શબરીધામ એ જ શબરીનો આશ્રમ છે. ચોરીછૂપીથી એક યા બીજા બહાના હેઠળ દક્ષિણ ગુજરાતના ભાજપી કાર્યકરોને મળવા દોડી આવતા નરેન્દ્ર મોદીને રાજી રાખવા ભાજપમાંથી 'હાંકી કઢાયેલાં' પૂર્વ સંગઠન મંત્રી - મહામંત્રી સંજય જોષી પણ શબરીધામનું બહાનું આગળ ધરી, હું તો મારા શ્રધ્ધાસ્થાનકમાં દર્શન કરવા આવું છું, એવા ખુલાસા કરતા રહે છે. હકીકતમાં સંજય જોષીનું દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રમાં બહુ સારૂં નેટવર્ક છે. ભાજપના પૂર્વ આદિવાસી પ્રકોષ્ઠના અગ્રણી કેવટ તો એમના હનુમાન જેવા છે.

સુરત એવું એક સમૃધ્ધ મહાનગર છે જેણે એને લૂંટનારાઓ પ્રત્યે પણ ઉદારતા દાખવેલી છે. છત્રપતિ શિવાજીએ સુરતને વારંવાર લૂંટ્યું હતું, છતાં એ જ સુરતમાં શિવાજીના પોતાના વતનમાં નહીં હોય એવી ભવ્ય કાંસ્ય પ્રતિમા સુરતીલાલાઓએ સ્થાપી છે. સુરતમાં મિનિ-હિન્દુસ્તાન વસે છે. અટલબિહારી વાજપેયીને વર્ષો પહેલાં એક કરોડની થેલી સુરતે આપી હતી. સુરતમાં વસતાં બિહારીઓ અને અન્ય ઉત્તર ભારતીયો તાપી મૈયાના કાંઠે ભવ્યાતિભવ્ય છઠ્ઠ મહોત્સવ ઊજવે છે. બિહારના વતની અને સુરતમાં સ્થાપી થયેલા અજય ચૌધરીએ સુરતમાં ભવ્ય સ્નેહ સંમેલન અને સન્માન સમારંભ યોજી બિહારીઓ અને હિંદી ભાષીઓના સહયોગથી વર્તમાન મુખ્યમંત્રીને ખાતરી આપી હતી અને બદલામાં એવી અપેક્ષા રાખી હતી કે ઓછામાં ઓછી એક ટિકીટ એમનાં હિંદીભાષી સમાજના પ્રતિનિધિને ફાળવવામાં આવશે. નરેન્દ્ર મોદીએ એમની એ માગણી જરૂર મંજૂર કરી હોત પરંતુ કેશુબાપાના અણધાર્યા વિદ્રોહ પછી એમણે 'નો રિપીટ' થિયરીનું જોખમ ઉઠાવવાનું ટાળ્યું છે. મરાઠીભાષી સુરતીઓના પ્રતિનિધિ તરીકે સી.આર. પાટીલને પૂરતું મહત્ત્વ આપી એમણે ભારે કુનેહનો પરિચય આપ્યો છે, તેમ છતાં, વરાછા-કતારગામ અને કારંજ જેવી બેઠકો પર કેશુભાઈ પટેલના કાઠિયાવાડી પાટીદારો નવાજૂની કરી શકે એવી પૂરી શકયતા છે. ધીરૂભાઈ ગજેરા ભલે કોંગ્રેસના ઉમેદવાર હોય પંરતુ એમને કેશુભાઈ પટેલના આશીર્વાદ છે, એમ કહેવાની જરૂર ખરી?

ખોડલધામના સાજન-માજનનો ખરો લાભ સુરત અને સૌરાષ્ટ્રમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો ઉપરાંત સૌરાષ્ટ્રના વિઠ્ઠલ રાદડિયા જેવા કોંગ્રેસી ઉમેદવારોને મળશે એ દીવા જેવું સ્પષ્ટ વરતાઈ રહ્યું છે

સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના ધુરંધરો શકિતસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા તથા વિઠ્ઠલ રાદડિયા ઉપરાંત લોકનેતા તરીકે ઊપસી આવેલા કનુભાઈ કળસિયા અને વર્તમાન સરકાર સામે જૈફ વયે ધુંઆધાર બૅટિંગ કરી રહેલા કેશુબાપાની તકાતનો ખરો પરચો વરતાશે, એમ દ.ગુજરાતમાં પણ સુરત જેવા મહાનગર પર સૌરાષ્ટ્રના પાટીદારોનું પાણી મપાઈ જશે

ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ